# જન્મદિને વધામણી



ધ્રુવકુમાર ગણપતરામ જોષી
મો. ૯૮૯૮૬ ૧૬૯૭૨



બિપીનચંદ્ર વૈષ્ણવ
ફોન : ૨૩૨૨૧૨૮૦



જયદીપ શર્મા
મો. ૯૯૨૪૧ ૮૪૦૯૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આર સી પટેલ સૅકન્ડરી સ્કૂલનો છગનભા વિજયપદ્મ મહોત્સવમાં ઉજ્જવળ દેખાવ





ગાંધીનગર, તા. ૭
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા સંસ્થાના સ્થાપક પૂ. છગનભાની સ્મૃતિમાં યોજાતી 'છગનભા વિજયપદ્મ મહોત્સવ' સ્પર્ધામાં ઉજ્જવળ દેખાવ કરી ગાંધીનગરનું ગૌરવ વધારવામાં આવ્યું છે.

૧૯૧૯માં પૂ. છગનભા દ્વારા સ્થાપવામાં આવેલી આ સંસ્થા ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે ત્યારે આ સ્પર્ધાઓ સંસ્થાના મંડળ દ્વારા સંચાલિત વિવિધ સ્કૂલ્સ વચ્ચે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં સ્કૂલના ૭ વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે, ૬ વિદ્યાર્થીઓ દ્વિતિય ક્રમે અને ૧ વિદ્યાર્થી તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. કબડ્ડીની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. બૌદ્ધિક વિભાગની સ્પર્ધા (વક્તૃત્વ, નિબંધ, ચૅસ, કૅરમ)માં આ વર્ષે પણ ઉચ્ચતર માધ્યમિક શાળાએ ૧૩મી વખત વિજેતાપદ પ્રાપ્ત કરી ૧૦મી વાર ચૅમ્પિયનશીપ પ્રાપ્ત કરી છે. સાથે સાથે ઉચ્ચતર માધ્યમિક વિભાગે ઍથ્લેટિક્સમાં પણ ચૅમ્પિયન ટ્રૉફી હાંસલ કરી છે.

શાળાના ઉત્તમ દેખાવને આચાર્ય દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડનાર શિક્ષક વિરાજબેન પટેલ, સંજયભાઈત્રિવેદી, પ્રવીણભાઈ પટેલ અને શીતલબેન પટેલને પણ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સદ્‌વિચાર પરિવારના દિવ્યાંગ ખેલાડીઓ રાજ્યની ઍથ્લેટિક્સ સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૭
સદ્‌વિચાર પરિવાર સંચાલિત શ્રી શારદાબેન કાંતિલાલ દેસાઈ વિકલાંગ વિદ્યાલય, ઉવારસદના દિવ્યાંગ ખેલાડીઓએ નડીયાદ સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ ખાતે આયોજિત રાજ્યકક્ષાની ઍથ્લેટિક્સ સ્પર્ધામાં ૭ મૅડલ, પ્રમાણપત્ર મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

સમસ્ત સદ્‌વિચાર પરિવાર તરફથી વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## આરાધના વિદ્યાવિહારમાં ગીતસ્પર્ધા

ગાંધીનગર, તા. ૭
સૅક્ટર-૨૮માં કાર્યરત આરાધના વિદ્યાવિહાર અંગ્રેજી માધ્યમ પ્રાઈમરી સ્કૂલ દ્વારા તાજેતરમાં ગીત સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૩૧ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જુનિયર બોય્ઝ અને જુનિયર ગર્લ્સ સ્પર્ધકો પૈકી પ્રથમ ત્રણ ક્રમના વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આચાર્ય વિક્રમસિંહરાજપૂત દ્વારા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળાના શિક્ષકો દ્વારા આ સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને લોકગીત, પ્રાર્થના, ગીતોની તૈયારી કરાવવામાં આવી હતી.

# સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે બ્રહ્મસમાજ દ્વારા તાલીમ વર્ગો યોજાશે

ગાંધીનગર, તા. ૭
ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯માં લેવાનારી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, માર્ગદર્શન અર્થે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

જીપીએસસી દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ગ-૧,૨ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓને ધ્યાનમાં રાખી નિયમિત વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. જરૂરી સુવિધાઓ સાથે રિડીંગ લાઈબ્રેરી, સચોટ માર્ગદર્શન, રેગ્યુલર ટેસ્ટ અને મૂલ્યાંકન વગેરે સાથે ઉમદા વાતાવરણનો લાભ મળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

વર્ગો ચાલુ થવાની સંભવિત તા. ૧૭ જાન્યુઆરી છે. આ વર્ગોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ શ્રી સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર, વિદ્યા લાઈબ્રેરી પાછળ, સૅક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારને જ નિયમિત વર્ગોમાં પ્રવેશ આપવામાં આવશે. રસ ધરાવતા ઉમેદવારોને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કાયમી સરનામાનું પ્રૂફ, ગ્રેજ્યુએશનની માર્કશીટ અથવા ડિગ્રી સર્ટીફિકેટ અથવા ગ્રેજ્યુએશનના અંતિમ વર્ષમાં હોય તેવા ઉમેદવારોએ છેલ્લે પાસ કરેલા સેમેસ્ટરની માર્કશીટ, પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે વેળાસર રજિસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.


આ અંગેની વધુ વિગતો માટે નરેન્દ્ર વ્યાસનો મોબાઈલ નંબર ૯૮૯૮૦ ૩૨૬૫૯ના માધ્યમથી સંપર્ક કરવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે દ્વારા વિનંતી કરવામાં આવી છે.


## શ્રીમતી આર સી પટેલ સ્કૂલની વિદ્યાર્થિનીઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં જોડાઈ

ગાંધીનગર, તા. ૭
ગીર ફાઉન્ડેશન સંચાલિત ઈન્દ્રોડા પાર્ક દ્વારા આયોજિત પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. સ્કૂલની ૪૭ વિદ્યાર્થિનીઓ તથા ૨ શિક્ષક - સરોજબેન પઠાણ અને મંજુલાબેન બારોટ આ શિબિરમાં જોડાયાં હતાં.

પ્રકૃતિની ગોદમાં રહેવાનો અલભ્ય આનંદ અને પ્રકૃતિ વિશેની વિશદ જાણકારી આ શિબિરના માધ્યમથી વિદ્યાર્થિનીઓને પ્રાપ્ત થઈ હતી. શાળા પરિવાર તરફથી ગીર ફાઉન્ડેશન અને ઈન્દ્રોડા પાર્ક પ્રત્યે આ ઉપયોગી શિબિર બદલ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# રાજ્યકક્ષાની એકાંકી નાટ્યસ્પર્ધા ઈડરમાં યોજાઈ








ગાંધીનગર, તા. ૭
ગુજરાત રાજ્યસંગીત નાટક અકાદમી, ગાંધીનગર, સાંસ્કૃતિક વિકાસ મંચ, ઈડર અને નગરપાલિકા, ઈડરના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાની એકાંકી નાટ્યસ્પર્ધા ઈડર ડાઉનહૉલ ખાતે યોજવામાં આવી હતી.

આ નાટ્યસ્પર્ધામાં ૧૦ જેટલાં નાટકો રજૂ થયાં હતા. થિયેટર પીપલ, જામનગરનું 'પડી પટોળે ભાત' પ્રથમ ક્રમે, વિકલ્પ થિયેટર, જામનગરનું નાટક 'અસતો મા સદ્‌ગમય' દ્વિતિય ક્રમે અને ઉત્સવ એકેડેમી, રાજકોટનું નાટક 'કસ્તુરી' તથા આઈરીશ સ્ટુડિયો, ભાવનગરનું નાટક 'જમની' સંયુક્ત રીતે તૃતિય ક્રમે વિજેતા રહ્યું હતું.

શ્રેષ્ઠ દિગ્દર્શકનું ઈનામ 'અસતો મા સદ્‌ગમય' નાટકના દિગ્દર્શક રોહિત હરિયાણીને ફાળે ગયું હતું. શ્રેષ્ઠ દશ્યરચનાનું ઈનામ એચ કે આટ્ર્સ કૉલેજ, અમદાવાદના નાટક 'ઘોડિયાના વેશ'ને મળ્યું હતું. શ્રેષ્ઠ લેખકનું ઈનામ 'પડી પટોળે ભાત'ના લેખખ આશિષ ઠાકરને મળ્યું હતું. શ્રેષ્ઠ અભિનય માટે પુરુષ પાત્રના કલાકારનું ઈનામ 'અસતો મા સદ્‌ગમય'ના પ્રતીક શુક્લને, 'જમની' નાટકના ધીરેન ખટાણાને, 'ઘોડિયાનો વેશ' નાટકના નિલેષ પરમારને તથા શ્રેષ્ઠ સ્ત્રી પાત્ર માટેનું ઈનામ 'જમની' નાટકનાં દિક્ષીતા જોષી, 'કસ્તુરી' નાટકનાં કાજલ જોષી, 'પડી પટોળે ભાત'નાં રાજલ પૂજારાને મળ્યું હતું.

નાટ્યસ્પર્ધાના નિર્ણાયક તરીકે ગુજરાતના નામાંકિત નાટ્યવિદ વિહંગ મહેતા, શૈલેષ ટેવાણી અને જયશ્રી પરીખ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. ત્રણ દિવસ યોજાયેલી આ નાટ્યસ્પર્ધાને સફળ બનાવવા અકાદમીના સભ્ય સચિવ જે એમ ભટ્ટ, સ્પર્ધાના કન્વીનર ભરત વ્યાસ તથા ઈડર નગરપાલિકા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

શાકભાજી વેચનારાં શ્રમિક મહિલાના હસ્તે

# રમેશ તન્ના લિખિત "સમાજનું અજવાળું, પોઝિટિવ સ્ટોરીઝ" પુસ્તકનું લોકાર્પણ



ગાંધીનગર, તા. ૭
જાણીતા પત્રકાર-લેખક રમેશ તન્નાના પુસ્તક "સમાજનું અજવાળું, પોઝિટિવ સ્ટોરીઝ"નું લોકાર્પણ અમદાવાદના માણેકચોકમાં શાકભાજી વેચતાં ૮૭ વર્ષનાં શ્રીમતી પૂંજીબહેન વેડુના હસ્તે કરાયું હતું. પૂંજીબહેન આશરે ૭૫ વર્ષથી શાકભાજી વેચે છે, અને તેમણે પોતાની ત્રણ-ત્રણ પેઢીને જીવનમાં સ્થિર કરે છે. ગૂર્જર સાહિત્ય, પરિમલ ઉદ્યાન પરિવાર અને પોઝિટિવ મિડિયાના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં લોકગાયક શ્રી અરવિંદ બારોટે ભક્તિગીતોથી સર્વેને રસ તરબોળ કર્યા હતા.

આ પુસ્તકમાં ૭૭ એવી પોઝિટિવ સ્ટોરીનો સમાવેશ કરાયો છે જે સત્યઘટનાઓ પર આધારિત છે. સમાજમાં બનતી પોઝિટિવ, સેવાકીય, રચનાત્મક અને સમાજ ઉપયોગી સ્ટોરીને લેખકે રસપ્રદ રીતે પુસ્તકમાં રજૂ કરી છે. આ પ્રસંગે લેખકે પુસ્તકનો રસાળ શૈલીમાં પરિચય આપ્યો હતો. પોતાને સમાજમાંથી કેવી રીતે પોઝિટિવ સ્ટોરી મળે છે તથા સ્ટોરી વાંચ્યા પછી વાચકોનો પ્રતિસાદ કેટલો જબરજસ્ત હોય છે તેની વાતો તેમણે ઉદાહરણો આપીને કરી હતી. તેમણે કહ્યું હતું કે સમાજમાં અનેક લોકો અને સંસ્થાઓ એવી છે જે પરસ્પર પ્રેમ અને હૂંફ વ્યક્ત કરે છે. નિસ્વાર્થભાવે કાર્ય કરતા લોકો અને સંસ્થાઓ તો "અજવાળાના આરાધકો" છે.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત કળાકાર અર્ચન ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ પુસ્તક પોઝિટિવિટીના ઈન્જેક્શન જેવું છે. આ પુસ્તક વાંચીને વાચકની હતાશા અને નિરાશા દૂર થશે. અર્ચન ત્રિવેદીને ૨૫મા વર્ષે ત્રણ-ત્રણ કેન્સર થયાં હતાં અને તેમણે પોઝિટિવીટીની મદદથી તેનો સફળ રીતે સામનો કર્યો હતો. આ પુસ્તકમાં કેન્સર હાર્યું, કળાકાર જીત્યું એ પ્રકરણ હેઠળ અર્ચન ત્રિવેદીની કેન્સરને હરાવવાની વાત પ્રવાહી શૈલીમાં આલેખાઈ છે.

પરિમલ ઉદ્યાન પરિવારના પ્રમુખ નરેશ પટેલે લેખકનો પરિચય આપીને ઉમેર્યું હતું કે અમને આનંદ છે કે અહીં આવા પોઝિટિવ અને રચનાત્મક પુસ્તકનું લોકાર્પણ થઈ રહ્યું છે. પરિમલ ઉદ્યાન પરિવારના મંત્રી પૃથ્વીશ શાહે સર્વેને આવકાર્યા હતા. પોઝિટિવ મિડિયાના ડિરેક્ટર અનિતા તન્નાએ આશા વ્યક્ત કરી હતી કે આ પુસ્તક વાચકોમાં પ્રસન્નતા ભરશે. આ કાર્યક્રમમાં ગુર્જર સાહિત્યના મોભી શ્રી મનુભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આલાપ તન્નાએ કર્યું હતું. જેમના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ થયું તે પૂંજીબહેનનો સમગ્ર બૃહદ પરિવાર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યો હતો. તેમના માટે આ એક ઉત્સવ હતો.

# જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ માટે રમત સ્પર્ધા

## શહેર અને ગ્રામ વિસ્તારના ખેલાડીઓને ૮મી જાન્યુઆરી સુધી અરજી પહોંચાડવા સૂચના

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓ માટે રમત સ્પર્ધાનું આયોજન જાન્યુઆરી માસના અંત ભાગમાં કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી આર પી ચૌધરીએ જણાવ્યું છે કે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની કમિશનર કચેરી અને ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આ રમતોત્સવનું આયોજન જાન્યુઆરી માસના અંતિમ સપ્તાહમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે કરવામાં આવ્યું છે. રમતોત્સવ અંતર્ગત વોલીબોલ સ્પર્ધા (ભાઈઓ માટે) અને સિનિયર સિટિઝન્સ માટે એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, કેરમ, ચેસ, રસ્સાખેંચ તથા ક્રિકેટ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ વિસ્તારના ખેલાડીઓ આ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ આ માટેની અરજી નામ, સરનામું અને ફોન નંબર સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન તા. ૮ જાન્યુઆરી સુધીમાં પહોંચાડવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે ફોન નં. ૨૩૨૪૦૩૨૪ના માધ્યમથી કચેરીનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

# ગાંધીજીનો વકીલાતનો અનુભવ

અદાલતોનું ચિહ્ન ત્રાજવું છે. તેને ઝાલનાર એક નિષ્પક્ષપાતી, આંધળી પણ ડાહી ડોસી છે. તેને વિધિએ આંધળી ઘડી છે, જેથી તે મોં જોઈને ટીલું ન કરે, પણ જે ગુણે યોગ્ય હોય તેને જ ટીલું કરે. આથી ઊલટું, નાતાલની અદાલત પાસે તો મોં જોઈને ટીલું કરાવવા ત્યાંની વકીલ-સભા નીકળી પડી હતી. અદાલતે આ પ્રસંગે પોતાના ચિહ્નને શોભાવ્યું.

મારે વકીલાતની સનદ લેવાની હતી. મારી પાસે મુંબઈની વડી અદાલતનું પ્રમાણપત્ર હતું. વિલાયતનું મુંબઈની અદાલતે દફતરે હતું. દાખલ થવાની અરજીની સાથે સારા વર્તનનાં બે પ્રમાણપત્રોની જરૂર ગણાતી. મેં ધાર્યું કે આ પ્રમાણપત્ર ગોરાઓનાં હશે તો ઠીક ગણાશે, તેથી અબદુલ્લા શેઠની મારફતે મારા સંબંધમાં આવેલા બે પ્રસિદ્ધ ગોરા વેપારીનાં પ્રમાણપત્રો લીધાં હતાં. અરજી કોઈ વકીલ મારફત થવી જોઈએ, ને સામાન્ય નિયમ એ હતો કે આવી અરજી એટર્ની-જનરલ વગર ફીએ કરે. મિ.એસ્કંબ એટર્ની-જનરલ હતા. અબ્દુલ્લા શેઠના તે વકીલ હતા એ તો આપણે જાણીએ છીએ. તેમને હું મળ્યો ને તેમણે ખુશીથી મારી અરજી રજૂ કરવાનું સ્વીકાર્યું.

એવામાં ઓચિંતી વકીલસભા તરફથી મને નોટિસ મળી. નોટિસમાં મારા દાખલ થવા સામે વિરોધ ઉઠાવવામાં આવ્યો હતો. એમાં એક કારણ એ બતાવ્યું હતું કે મેં વકીલાત સારુ કરેલી અરજી સાથે અસલ પ્રમાણપત્ર જોડ્યું નહોતું. પણ વિરોધનો મુખ્ય મુદ્દો એ હતો કે, અદાલતમાં વકીલોને દાખલ કરવાના ધારા ઘડાયા ત્યારે કોઈ પણ કાળો કે પીળો માણસ અરજી કરે એવો સંભવ પણ માનવામાં ન આવેલો હોવો જોઈએ; નાતાલ ગોરાઓના સાહસથી બનેલું હતું ને તેથી તેમાં ગોરાઓને જ પ્રધાનપદ હોવું જોઈએ. જો કાળા વકીલ દાખલ થાય તો ધીમે ધીમે ગોરાઓનું પ્રધાનપદ જાય ને તેમની રક્ષાની વાડ ભાંગી પડે.

આ વિરોધની હિમાયત કરવા વકીલસભાએ એક પ્રખ્યાત વકીલને રોક્યા હતા. આ વકીલને પણ દાદા અબદુલ્લા સાથે સંબંધ હતો. તેમની મારફતે તેમણે મને બોલાવ્યો. તેમણે મારી સાથે નિખાલસપણે વાત કરી. તેમણે મારો ઈતિહાસ પૂછ્યો. મેં તે આપ્યો. પછી તે બોલ્યા:

'મારે તો તમારી સામે કાંઈ કહેવાનું નથી. મને ભય એ હતો કે રખેને તમે અહીં જન્મેલા કોઈ ધૂર્ત હો! વળી તમારી પાસે અસલ પ્રમાણપત્ર નથી. તેથી મારા શકને ટેકો મળ્યો. એવા પણ માણસ પડ્યા છે જે પારકાં પ્રમાણપત્રોનો ઉપયોગ અ કરે છે. તમે ગોરાઓનાં પ્રમાણપત્ર રજૂ કર્યાં છે તેની મારા ઉપર અસર નથી થઈ. તેઓ તમને શું જાણે? તમારી સાથે તેઓની ઓળખાણ કેટલી?'

'પણ અહીં તો મને બધા જ નવા છે. અબદુલ્લા શેઠે પણ મને તો અહીં જ ઓળખ્યો.' હું વચ્ચે બોલ્યો.

'હા; પણ તમે તો કહો છો કે એ તમારા ગામના છે. અને તમારા બાપ ત્યાંના દીવાન હતા તેથી તે તમારા કુટુંબને તો ઓળખે જ ના? તેમનું સોગનનામું તમે રજૂ કરો તો મારે તો કંઈ કહેવાપણું નહીં રહે. હું વકીલસભાને લખી મોકલીશ કે મારાથી તમારો વિરોધ નહીં કરી શકાય.'

150 ગાંધીયાત્રા

મને ક્રોધ આવ્યો, તે મેં રોક્યો. મને થયું, 'જો મેં અબદુલ્લા શેઠનું જ પ્રમાણપત્ર રજૂ કર્યું હોત તો તેની અવગણના થાત ને ગોરાની ઓળખાણ માગત. વળી મારા જન્મની સાથે મારી વકીલાતની લાયકાતને શો સંબંધ હોય ? હું દુષ્ટ કે કંગાળ માબાપનો દીકરો હોઉં તો મારી લાયકાત તપાસવામાં તે મારી સામે શા સારુ વપરાય?' પણ આ બધા વિચારોને રોકી મેં જવાબ આપ્યો:

'જોકે આવી હકીકત માગવાને વકીલસભાને અધિકાર છે એમ હું કબૂલ નથી કરતો, છતાં તમે ઈચ્છો છો તેવું સોગંદનામું મેળવવા હું તૈયાર છું.'

અબદુલ્લા શેઠનું સોગનનામું ઘડ્યું ને તે વકીલને આપ્યું. તેણે સંતોષ જાહેર કર્યો. પણ વકીલસભાને સંતોષ ન થયો. તેણે તો મારા દાખલ થવા સામેનો વિરોધ અદાલત આગળ રજૂ કર્યો. અદાલતે મિ.એસ્કંબનો જવાબ પણ સાંભળ્યા વિના સભાનો વિરોધ રદ કર્યો. વડા ન્યાયાધીશે કહ્યું:

'અરજદારે અસલ પ્રમાણપત્ર રજૂ નથી કર્યું એ દલીલમાં વજૂદ નથી. જો તેણે જૂઠા સોગંદ ખાધા હશે તો તેના ઉપર જૂઠા સોગનની ફોજદારી ચાલી શકશે ને તેનું નામ વકીલોમાંથી બાતલ થશે. અદાલતના ધારાઓમાં કાળાધોળાનો ભેદ નથી. અમને મિ.ગાંધીને વકીલાત કરતાં રોકવાનો અધિકાર નથી. અરજી મંજૂર કરવામાં આવે છે. મિ.ગાંધી, તમે સોગન લઈ શકો છો.'

હું ઉઠ્યો. રજિસ્ટ્રાર આગળ સોગન લીધા. લીધા કે તરત વડા જજે કહ્યું, 'હવે તમારે તમારી પાઘડી ઉતારવી જોઈએ. વકીલ તરીકે વકીલોને લગતો પોશાક વિષેનો અદાલતી નિયમ તમારે પણ પાળવો રહ્યો છે!'

હું મારી મર્યાદા સમજ્યો. ડરબનના મેજિસ્ટ્રેટની કચેરીમાં જે પાઘડી પહેરી રાખવાનો મેં આગ્રહ રાખ્યો હતો તે મેં અહીં ઉતારી. ઉતારવાની સામે દલીલ તો હતી જ. પણ મારે તો મોટી લડતો લડવી હતી. પાઘડી પહેરી રાખવાની હઠ કરવામાં મારી લડવાની કળાની સમાપ્તિ નહોતી. કદાચ તેને ઝાંખપ લાગત.

અબદુલ્લા શેઠ અને બીજા મિત્રોને મારી નરમાશ (કે નબળાઈ?) ન ગમી. મારે વકીલ તરીકે પણ પાઘડી પહેરી રાખવાનો આગ્રહ રાખવો જોઈતો હતો એમ તેમને લાગ્યું. મેં તેમને સમજાવવા પ્રયત્ન કર્યો. 'દેશ તેવો વેશ' એ કહેવતનું રહસ્ય સમજાવ્યું. હિંદુસ્તાનમાં પાઘડી ઉતારવાની ફરજ ગોરા અમલદાર કે જડજ પાડે તો તેની સામે થવાય. નાતાલ જેવા દેશમાં અને તે અદાલતના એક હોદ્દેદાર તરીકે મને અદાલતના રિવાજનો એવો વિરોધ કરવો શોભે નહીં.

આ અને આવી દલીલોથી મિત્રોને કંઈક શાંત તો કર્યા, પણ હું નથી માનતો કે એક જ વસ્તુને જુદા સંજોગોમાં જુદી રીતે જોવાની યોગ્યતા, આ પ્રસંગે, હું તેઓને સંતોષ વળે તેમ ઠસાવી શક્યો. પણ મારા જીવનમાં આગ્રહ અને અનાગ્રહ હંમેશાં સાથે સાથે જ ચાલતા આવ્યા છે. સત્યાગ્રહમાં આ અનિવાર્ય છે એમ મેં પાછળથી અનેક વેળા અનુભવ્યું છે. આ સમાધાનવૃત્તિને સારુ મારે જીવનું જોખમ અને મિત્રોનો અસંતોષ ઘણી વેળા ખેડવાં પડ્યાં છે. પણ સત્ય વજ્ર જેવું કઠણ છે ને કમળ જેવું કોમળ છે.

વકીલસભાના વિરોધે દક્ષિણ આફ્રિકામાં મારી બીજી જાહેરખબરની ગરજ સારી. ઘણાંખરાં છાપાંઓએ મારી સામેના વિરોધને વખોડ્યો ને વકીલો ઉપર ઈર્ષાનો આરોપ મૂક્યો. આ જાહેરાતથી મારું કામ કેટલેક અંશે સરળ થયું.



- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર